# રાજ્યમાં વધુ ૩૯૮ નવા કેસ : અમદાવાદમાં ૨૭૮ : ગાંધીનગરમાં ૧૦

જ્ઞાનહીન અમ આત્મ સકલમાં, ક્ષમા-ભાવહીન અંતરતરમાં, ભર સુગુંધ અમ અંગ-અંગમાં, કર પ્રદાન તુજ જ્યોતિ મંગલા, તવ શિશુઉર ભર દે... વર દે !


ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

આ વેકેશન નથી મેડીકલ ઈમરજન્સી છે

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૬૧ | ૧૧ મે, ૨૦૨૦, સોમવાર; વૈશાખ વદ - ૪/૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# આવતીકાલથી રેલ વ્યવહાર તબક્કાવાર આરંભાશે

**પ્રથમ તબક્કામાં ૧૫ ટ્રેન શરૂ કરાશે : જેનું ઓનલાઈન બુકીંગ આજે સાંજે ૪ વાગ્યાથી શરૂ થશે : લોકડાઉનમાંથી બહાર નીકળવા માટે સરકાર બનાવી રહી છે પ્લાન : કઠોર નિયમો સાથે અનેક ધંધા-ઉદ્યોગ શરૂ કરવા અંગે વિચારણા : કેન્દ્ર અર્થતંત્રને બને તેટલું ઝડપથી ધમધમતું કરવા મોટો નિર્ણય લેવા વિચારણા કરી રહી છે**




નવી દિલ્હી, તા.૧૦

લોકડાઉનના ત્રીજા તબક્કામાં હજુ એક સપ્તાહ બાકી છે તે દરમિયાન રેલવે મંત્રાલય દ્વારા આજે વિધિસર જાહેરાત કરાઈ હતી કે, ૧૨મી મેથી પેસેન્જર ટ્રેન તબક્કાવાર શરૂ કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં ૧૫ ટ્રેન શરૂ કરાશે. જેમાં નવી દિલ્હીથી - દિબ્રુગઢ, અગરતલા, હાવડા, પટના, બિલાસપુર, રાંચી, ભૂવનેશ્વર, સિકંદરાબાદ, બેંગ્લુરુ, ચેન્નાઈ, તિરુવન્તપુરમ્, મડગાંવ, મુંબઈ સેન્ટ્રલ, અમદાવાદ અને જમ્મુ તાવીનો સમાવેશ થાય છે.

ઉપરોક્ત ટ્રેનો માટે આજે ૧૧મી મેને સોમવાર સાંજે ૪ વાગ્યાથી ઓનલાઈન બુકીંગ કરવામાં આવશે.

આ ઉપરાંત લોકડાઉનને ૪૫ દિવસથી વધારેનો સમય વીતી ચૂક્યો છે. ૧૭મી મેના રોજ ત્રીજા તબક્કાનું લોકડાઉન પણ પૂર્ણ થવા જઈ રહ્યું છે. હવે લોકડાઉન લંબાવવાથી મોટી આર્થિક સમસ્યા સર્જાવાનો ડર છે ત્યારે કેન્દ્ર સરકાર અર્થતંત્રને બને તેટલું ઝડપથી ધમધમતું કરવા એક મોટો નિર્ણય લેવા જઈ રહી છે. દેશમાં લોકડાઉન ખતમ કરવા માટે તમજ કોરોનાનો પ્રસાર અટકાવવા જે પ્રવૃત્તિઓ પર અંકુશ મૂકવાની જરૂર છે તેમની વિસ્તૃત યાદી (નેગેટીવ એક્ટિવિટી લિસ્ટ) બનાવાઈ શકે છે. હાલ કેન્દ્ર સરકાર ઘણી આર્થિક પ્રવૃત્તિ માટે મંજૂરી આપી રહી છે, પરંતુ અમુક મૂંઝવણોને કારણે જિલ્લા તંત્ર તેમને અટકાવી રહ્યું છે. આવું કંઈ ના થાય તે માટે પણ એક નિશ્ચિત વ્યવસ્થા ગોઠવવા માટે આ નીતિ બનાવાઈ રહી છે. સમગ્ર વિચાર લાંબા લોકડાઉન બાદ યોગ્ય

● અનુસંધાન પાન-૭ પર

## આજે વડાપ્રધાન રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સથી બેઠક કરશે

**લોકડાઉન અને ઝોનના મામલે ચર્ચા થઈ શકે**

ન્યુ દિલ્હી,તા.૧૦

કોરોના વાયરસના સંકટ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમવારના રોજ રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે બપોરે ત્રણ વાગ્યે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા બેઠક કરશે. આ બેઠકમાં લોકડાઉન મુદ્દે ચર્ચા થઈ શકે છે. વડાપ્રધાન કાર્યાલયે પોતના ટ્વિટર હેન્ડલ પર આ અંગે માહિતી આપતા લખ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી કાલે બપોરે ત્રણ વાગ્યે રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા વાતચીત કરશે. રાજ્યોના મુખ્યમંત્રીઓ સાથેની આ વડાપ્રધાનની પાંચમી બેઠક છે.

દેશમાં લાગુ કરવામાં આવેલા લોકડાઉન ૧૭ મેના રોજ પૂર્ણ થઈ રહ્યું છે. ઓમાં આ બેઠકને અત્યંત ખાસ માનવામાં આવી રહી છે. આ અગાઉ આજે કેબિનેટ સચિવ રાજીવ ગૌબાએ પણ તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના મુખ્ય સચિવો અને સ્વાસ્થ્ય સચિવો સાથે વીડિયો કોન્ફરન્સ દ્વારા બેઠક કરી હતી.

પ્રાપ્ય માહિતી અનુસાર રાજ્યોએ રેડ, ગ્રીન અને ઓરેન્જ ઝોન મામલે બનાવવામાં આવેલા નિયમો પર વાંધો દર્શાવ્યો છે. રાજ્યોનું કહેવું છે કે પ્રવાસી મજૂરોના ગૃહ રાજ્યમાં પરત ફરવાથી જિલ્લામાં કોરોના વાયરસના મામલા વધી રહ્યા છે. જો આવું જ ચાલ્યા કરશે તો મોટા ભાગના જિલ્લાઓ રેડ ઝોનમાં આવી જશે. તેથી કાલની બેઠકમાં આ મુદ્દા પર પણ ખાસ ચર્ચા થશે તેવું માનવામાં આવી રહ્યું છે.

# દેશમાં માત્ર ૬ દિવસમાં ૨૦ હજાર દર્દી વધ્યા

ન્યુ દિલ્હી,તા.૧૦

ભારતમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યામાં ઝડપથી વધારો નોંધવામાં આવી રહ્યો છે. સતત ચોથા દિવસે પણ કોરોના સંક્રમિત નવા દર્દીઓની સંખ્યા ૩૦૦૦ની પાર રહી. નવા કેસ સામે આવ્યા બાદ દેશમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૬૦ હજારને પાર થઈ ગઈ છે. નોંધનીય છે કે ૩ મે સુધી કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યા ૪૦ હજારની આસપાસ હતી. જ્યારે માત્ર ૬ દિવસની અંદર જ આ આંકડો ૬૦ હજારને પાર પહોંચી ગયો. સૌથી ખરાબ સ્તિતિ મહારાષ્ટ્રની છે. જ્યાં હવે કેસ ચાર ડિજિટમાં મળવા લાગ્યા છે. આપને જણાવી દઈએ કે હવે આખા દેશમાં લોકડાઉન જે ૧૭મી મે સુધી છે. કોરોના વાયરસથી અત્યાર સુધી ૨૦૦૦ લોકો જીવ ગુમાવી ચૂકયા છે. શનિવારના રોજ મૃતકોની સંખ્યા અત્યાર સુધીની સૌથી મોટી સંખ્યા હતા.

## કોરોના અપડેટ્સ

| ક્યાં | કેસ | મૃત્યુ | રિકવર |
|---|---|---|---|
| વિશ્વ | ૪૧૪૩૬૪૯ | ૨૮૧૭૧૬ | ૧૩૧૯૪૧૯ |
| ભારત | ૬૫૦૨૨ | ૨૧૫૩ | ૨૦૩૫૧ |
| ગુજરાત | ૮૧૯૫ | ૪૯૩ | ૨૫૪૫ |
| ગાંધીનગર | ૧૨૯ | ૦૬ | ૩૨ |

# સિક્કિમ સરહદે ભારત-ચીન વચ્ચે ઘર્ષણ

ન્યુ દિલ્હી,તા.૧૦

સિક્કિમને અડીને આવેલી સરહદ પર ભારત અને ચીનના સૈનિકોની વચ્ચે ઝપાઝપી થયાના સમાચાર છે. ભારતીય સેનાના બંને બાજુના સૈનિકોને મામૂલી ઈજા પણ પહોંચી છે. સેનાના સૂત્રોએ કહ્યું કે સરહદ વિવાદના લીધે સૈનિકોની વચ્ચે આવા નાના-મોટા વિવાદ થતા રહે છે. સૂત્રોનું માનીએ તો લાંબા પ્રોટોકોલના મતે બંને સેનાઓ તેને ઉકેલી લે છે.

આની પહેલાં ૨૦૧૭મા બંને દેશોની વચ્ચે સિક્કિમ વિસ્તારમાં ભીષણ તણાવ જોવા

**ઘટનામાં બંને સેનાના જવાનોને સામાન્ય ઇજા પહોંચી**

સૂત્રોએ કહ્યું કે નોર્થ સિક્કિમ વિસ્તારમાં ભારત અને ચીનના સૈનિકો વચ્ચે ઝઘડો થયો છે. બંનેની તરફથી ભારે તણાવ અને બોલાચાલી થઈ છે. આ ઘટનામાં સમય બાદ નોર્થ સિક્કિમ વિસ્તારમાં ભારત અને ચીનના સૈનિકોની વચ્ચે આવો તણાવ જોવા મળ્યો છે. જ્યારે પણ આવો કોઈ વિવાદ થાય છે તો નક્કી મળ્યો હતો. ત્યારે આ એટલો વધી ગયો હતો કે ભારતના ટોચના સૈન્ય ઓફિસરોએ કેટલાંય દિવસ સુધી આ વિસ્તારમાં કેમ્પિંગ કર્યુ. આ અધિકારીઓમાં ૧૭મા ડિવિઝનના જનરલ ઓફિસર કમાંન્ડિંગ પણ સામેલ હતા. બંને દેશોના સૈનિકોની વચ્ચે ધક્કામુક્કીની ઘટના બાદ વિદેશ મંત્રાલય અને દિલ્હી સ્થિત સૈન્ય હેડક્વાર્ટર સુધી હલચલ રહી.

● અનુસંધાન પાન-૭ પર



પ્રતિકાત્મક તસવીર

## છેલ્લે... છેલ્લે...

- લોકડાઉનની સમાપ્તિ બાદ એટલે કે ૧૮મીથી ૨૫ ટકા ડોમેસ્ટિક વિમાની સેવા શરૂ થાય એમ કેન્દ્ર સરકાર ઈચ્છે છે. એમ એરપોર્ટ ઓથોરિટીના ચેરમેન અરવિંદ સિંઘે જણાવ્યું હતું.
- મધ્યપ્રદેશમાં પાંચ શ્રમિકો ટ્રક નીચે ચગડાઈ ગયા જ્યારે ૧૩થી વધુ ઈજા પામ્યા હતો.
- છત્તીસગઢના પૂર્વ મુખ્યમંત્રી અજિત જોગી કોમામાં સરી પડ્યા છે.
- એર ઈન્ડિયાના પાંચ પાયલોટને કોરોના પોઝિટીવ જાહેર થયા.
- નાણામંત્રી સીતારામને જાહેર સાહસોના મુખ્ય અધિકારીઓ સાથે આજે બેઠક કરી હતી.
- મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે વિધાન પરિષદમાં બિનહરીફ ચૂંટાયા હતા.
- દેશમાં સૌથી વધુ કોરોના સંક્રમિતોની યાદી

| | |
|---|---|
| મહારાષ્ટ્ર | ૨૦,૨૨૮ |
| ગુજરાત | ૮,૧૯૫ |
| તામિલનાડુ | ૭,૨૦૪ |
| દિલ્હી | ૬,૯૨૩ |
| રાજસ્થાન | ૩,૭૫૩ |
| મધ્યપ્રદેશ | ૩,૬૧૪ |
| ઉત્તરપ્રદેશ | ૩,૩૭૩ |

# વિશ્વભરમાં કેસોની સંખ્યા ૪૧ લાખથી વધુ

**કોરોનાથી મોતનો આંકડો ત્રણ લાખ નજીક પહોંચ્યો : દુનિયાભરમાં એક્ટિવ કેસો વધીને ૨૩૯૧૩૮૪ પહોંચી**



નવી દિલ્હી,તા.૧૦

દુનિયાભરમાં કોરોના વાયરસનો આતંક યથાવત રીતે જારી રહ્યો છે. કેસોની સંખ્યામાં આવિરતપણે વધારો થઈ રહ્યો છે. અમેરિકા, સ્પેન, ઈટાલી, યુકે, ફ્રાંસ, જર્મની, રશિયા અને ભારત પણ બચી શક્યું નથી. ભારતમાં પણ કેસોની સંખ્યા અવિરતપણે વધી રહી છે. વિશ્વમાં સૌથી પ્રભાવિત દેશોમાં અમેરિકાનો સમાવેશ થાય છે. અમેરિકાની સ્થિતિ ખુબ જ ગંભીર બનેલી છે. ત્યારબાદ સ્પેનનો સમાવેશ થાય છે. દુનિયાના ૨૧૦ દેશો કોરોના વાયરસના કારણે પ્રભાવિત બનેલા છે. દેશોની સરકારો આને લઈને ભારે ચિંતિત બનેલી છે. કોરોના વાયરસની વેક્સિન શોધવા માટે દુનિયાના તમામ વૈજ્ઞાનિકો લાગેલા છે પરંતુ આશાનું કોઈ કિરણ હજુ સુધી દેખાઈ રહ્યું નથી. દુનિયાના તમામ દેશો અને નાગરિકો કોરોનાને કારણે ત્રાહિમામ પોકારી ગયા છે. વિશ્વભરમાં કોરોનાના કેસોની સંખ્યા વધીને ૪૧૨૫૧૩૨ સુધી પહોંચી ગઈ છે એટલે કે આંકડો ૪૧ લાખથી પણ ઉપર થઈ ગયો છે. વિશ્વમાં કોરોનાગ્રસ્ત દેશોની હાલત ખુબ જ ખરાબ બનેલી છે. કોરોના કારણે અર્થતંત્ર પર પણ ભારે નુકસાન થઈ રહ્યું છે. દુનિયાભરમાં રિકવર થયેલા લોકોની સંખ્યા ૧૪૫૨૭૮૮ સુધી પહોંચી ગઈ છે.

## ચીન-અમેરિકા પરસ્પર લડતા રહેશે તો દુનિયા બરબાદી તરફ ધકેલાશે

**આંતરરાષ્ટ્રીય નાણાં ભંડોળ(આઇએમએફ)એ ચેતવણી આપી ૨૦૨૦માં વૈશ્વિક અર્થતંત્રમાં ૩ ટકાનાં ઘટાડાનું અનુમાન**

ન્યૂયોર્ક,તા.૧૦

આંતરરાષ્ટ્રિય નાણા ભંડોળ(IMF)એ વૈશ્વિક અર્થતંત્ર સાથે સંકળાયેલા અનુમાનોમાં ઘટાડો કરવાનાં સંકેત આપ્યા છે, સ્હ્રએ ચેતવણી જારી કરતા કહ્યું કે જો ચીન અને અમેરિકા આ પ્રકારે જ એકબીજા સાથે લડતા રહેશે તો દુનિયા બરબાદી તરફ ધકેલાઈ જશે. (IMF)એ અમેરિકા અને ચીનને ફરીથી ટ્રેડ વોરમાં ન પડવાની ચેતવણી આપતા કહ્યું કે, તેનાથી કોવિડ-૧૯ રોગચાળાથી અર્થતંત્રને બચાવવાનાં પ્રયત્નો નબળા પડશે. રોયટર્સનાં જણાવ્યા મુજબ (IMF)નાં મેનેજીંક ડાયરેક્ટર ક્રિસ્ટીના જ્યોર્જીવા યુરોપિયન યુનિવર્સિટીની એક ઓનલાઇન ઈવેન્ટને સંબોધિત કરી રહ્યા હતાં.

તેમણે કહ્યું કે વર્ષ ૨૦૨૦માં વૈશ્વિક અર્થતંત્રમાં ૩ ટકાનાં ઘટાડાનું અનુમાન લગાવ્યું હતું પરંતુ ઘણા દેશોનાં આર્થિક આંકડા તેનાથી ઓછા આવી રહ્યા છે. ક્રિસ્ટીના જ્યોર્જીવાએ કહ્યું કોઈ તાત્કાલિક મેડિકલ સારવાર ઉપલબ્ધ નહીં હોવાના કારણે કેટલાક દેશોનાં અર્થતંત્રને તેની સામે પહોંચી વળવામાં મુશ્કેલી આવી શકે છે, જો કે કોરોના વાયરસ અંગે ચોક્કસપણે કાંઈ કહીં શકાય તેમ નથી, એટલા માટે આર્થિક પુર્વાનુમાન પર તેની અસર પડી રહી છે.

બીજી તરફ ચીનનાં સરકારી મિડિયાએ શનિવારે કહ્યું કે, રાષ્ટ્રપતિ શી જિનપિંગએ ઉત્તર કોરિયાનાં નેતા કિમ જોંગ ઉનને કોરોના વાયરસ સામે પહોંચી વળવા માટે મદદનો પ્રસ્તાવ આપ્યો છે. તેમણે કહ્યું કે તે ઉત્તર કોરિયાની સ્થિતિ અને ત્યાં રહેનારા લોકોનાં આરોગ્યને લઈને ઘણી ચિતિંત છે, આ રોગચાળાને કાબુમાં કરવા માટે ચીનનાં જેવા ઘણા પ્રયત્નો સકારાત્મક પરિણામો આવ્યા છે.

# લોકડાઉન છતાં દેશમાં કોરોના બેકાબૂ

**દેશમાં વધુ ૧૨૮ના મોત : છેલ્લા ૨૪ કલાકમાં ૩૨૭૭ પોઝિટિવ કેસ સાથે આંકડો ૬૩ હજારને પાર : કોરોનાથી અત્યાર સુધી દેશમાં ૨૧૦૯ લોકોના મોત : ૧૦ રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી : કેરળમાં આગામી આદેશ ન મળે ત્યાં સુધી પ્રત્યેક રવિવારે ટોટલ લોકડાઉન રહેશે**

ન્યુ દિલ્હી,તા.૧૦

વૈશ્વિક મહામારી કોરોનાને રોકવા સમગ્ર ભારત લોકડાઉન-૩ હેઠળ ઘરમાં કેદ છે. તેમ છતાં લોકલ સંક્રમિતને કારણે દેશમાં કોરોના વાઈરસથી સંક્રમિતોની સંખ્યા શનિવારે ૬૩,૦૦૦ને પાર પહોંચી હતી, જ્યારે આ મહામારીના કારણે મરનારા લોકોની સંખ્યા ૨,૧૦૯ થઈ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે પોતાના દૈનિક અપડેટમાં જણાવ્યું કે, ગત ૨૪ કલાક દરમિયાન કોરોના મહામારીથી વધુ ૧૨૭ મોત થયા બાદ કુલ મૃતકોની સંખ્યા ૨,૧૦૯ થઈ છે, જ્યારે ચેપીરોગ સંક્રમણના ૩,૨૭૭ નવા કેસ સામે આવ્યાં છે. દરમ્યાનમાં ભારતમાં મહારાષ્ટ્ર, ગુજરાત, તમિલનાડુ, મધ્યપ્રદેશ અને

● અનુસંધાન પાન-૭ પર




बैंक ऑफ इंडिया Bank of India BOI સંબંધોની મૂડી

ઝોનલ ઓફિસ, ગાંધીનગર ઝોન, બી.ઓ.આઇ. બિલ્ડિંગ, બીજો માળ, સેક્ટર ૧૬, ગાંધીનગર-૩૮૨૦૧૬. ફોનઃ ૦૭૯-૨૩૨-૩૩૯૨૩. ઈમેલઃ Gandhinagar.HRD@bankofindia.co.in

**ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતે રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર (MBBS) નિમણૂક માટે**

બેન્ક ઓફ ઈન્ડિયા, ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતે રજીસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટીશનર (MBBS) ની કરાર આધારિત નિમણૂક કરવાની હોઈ યોગ્ય પાત્રતા ધરાવતા તેમજ ઈચ્છુક MBBS ડોકટરો તેના માટેનું નિયત અરજીપત્રક ગાંધીનગર ઝોનલ ઓફિસ ખાતેથી સોમવારથી શુક્રવાર દરમિયાન ૧૧.૦૦ થી ૪.૦૦ સુધી મેળવી શકે છે. અરજીપત્રક ભરીને બંધ કવરમાં જમા કરાવવાની અંતિમ તારીખઃ ૨૨.૦૫.૨૦૨૦ રહેશે. નિમણૂક બેંકના ધારાધોરણો મુજબ રહેશે. જેની વિગતો કચેરી ખાતેથી મેળવી શકાશે.

શુભેન્દુકુમાર બેહેરા, ઝોનલ મેનેજર, ગાંધીનગર ઝોન